શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૫૦ • સળંગ અંક : ૧૦૧ • તા. ૧૬ મે ૨૦૨૦ થી ૨૨ મે ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# પલક ભરમાં જોયુ તો જગત બદલાઈ ગયુ
# રેશ્માબેન દંડ (શાહ)ની વિશેષ મુલાકાત



# હિંમતથી લડશો તો કોરોનાને પણ ઝુકાવશો

**બસ મને એટલું દે પરવર દિગાર**
**સુખ જ્યાં અને જ્યારે મળે**
**ત્યારે સૌનો વિચાર દે**
**દુનિયામાં કેટલાનો કરજદાર છું મરીઝ**
**ચૂકવું બધાનું દેણ, જો અલ્લાહ ઉધાર દે**

**- મરીઝ**



**નીશિથ આનંદ દંડ**

Sure Safety ®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# દોસ્ત તો દિલદાર હોવો જોઈએ

ફ્રેન્ડ, દોસ્ત, મિત્ર, સખા, ભાઈબંધ, યાર. એક સંબંધ પણ અનેક સંબોધન. કોઈ કે ખરું કહ્યું છે જેની સાથે કોઈ સંબંધ નથી એ છે ભાઈબંધ. સગા ભાઈ જેવો જે બંધન બાંધે એ છે. ભાઈબંધ, દોસ્ત એટલે એવો ખભો જેની પર માથું મૂકી મુક્ત મને રડી શકાય ને ખડખડાટ હસી શકાય. દોસ્ત એટલે એવો લાઈફ જેકેટ જે આપણને ડૂબવા ન દે. એ સાથે હોય તો ગમે તેવા મઝધારમાંથી બહાર કાઢી લે. એ ક્યારે આપણને ઝૂકવા ન દે, ન રૂકવા દે. સતત આપણી સાથે આપણી આગળ તો આપણી પાછળ હોય. દરેક કપરી પળોમાં એમ્બ્યુલન્સ બનીને આપણને સુરક્ષા કવચ આપે, ફાયરબ્રિગેડ બનીને આપણા કષ્ટ ઠારે. આપણા ભપકાદાર સેલિબ્રેશનમાં ભલે મોડો આવે, પણ કપરા કાળમાં પહોંચનાર એ પહેલો શખ્સ હોય છે. આપણા દરેક ફંકશનમાં તેની હાજરી અચૂક હોય જ. ચટાઈ પાથરવાથી લઈને છેલ્લે ખુરશી ઉપાડવામાં પણ તેનો સાથ મળે.

પશ્ચિમના ચાળે ચડી ફ્રેન્ડશિપ ડે ભલે ઉજવાય. એક બેન્ડ બાંધી દેવાથી કંઈ આત્મીયતા ન બંધાય. મિત્ર એટલે પ્રકૃતિ એ આપેલું અણમોલ નજરાણું. ઈશ્વર જેને આપણા લોહીના સંબંધથી જોડવાનુ ભૂલી ગયા હોય એ વ્યક્તિને મિત્ર બનાવીને આપણી નિકટ લાવી દઈ પોતાની ભૂલ સુધારી લે છે. આપણા બધા દોષોનો અસ્ત કરી ઉજળા કરી દે એ છે દોસ્ત. જે દૂર હોવા છતાં આસપાસ છે. જે બધાથી ખાસ છે. જેનો પ્રેમ ભર્યો પાશ આપણી આસપાસ લાગેલો છે. એવો સંબંધ ભાઈબંધ ધરાવે છે. ભણવાની પરીક્ષામાં ભલે આપણી મદદ ન કરી શક્યો હોય. પણ જિંદગીની પરીક્ષામાં આપણા જોડ જોડ હોય છે. જિંદગીની એવી કપરી પરિસ્થિતિઓમાં કોઈ સગું સંબંધી ઊભું ન રહે પણ, મિત્રને આપણી પરિસ્થિતિની જાણ થતાં ખભે હાથ મૂકી જોડે ઊભો રહી જાય છે.

દોસ્તી કંઈ સ્ટેટસ જોઈને નથી થતી. ધર્મ જાતિ કે ઊંચ-નીચ રંકને રાયનો ભેદ પણ નથી જોતી એ માત્ર જુએ છે હૃદયની નિર્મળાતા. વાણીની પવિત્રતા અને સ્વભાવની સાદગી. દોસ્તી કંઈ લોહીનો સંબંધ નથી. એ દિલનો સંબંધ છે. કોઈને કહી ન શકાય એવી વાત જેને કહી શકાય એ દોસ્ત આમ દોસ્ત આપણી તિજોરી છે, સેફ્ટી લોકર છે. દોસ્તી ક્યારેય ખાસ માણસોથી નથી થતી. પણ જેનાથી દોસ્તી થાય એ લોકો ખાસ બની જાય છે. સારા મિત્રોની સોબત તથી ગમે તેવા સંકટ દૂર થઈ જાય છે. અનેક મુશ્કેલીઓ ખતમ થઈ જાય છે. પણ નઠારા મિત્રની સોબતને સંગત આપણને વિકટ મુશ્કેલીમાં ધકેલી દે છે. માટે દોસ્તની પરખ હીરા પારખુ નજરથી કરી શકાય.

ચંદ્રના અજવાળામાં આભમાં ઝીણા ઝીણા ટમટમતા તારલાઓ દેખાતાં નથી એનો મતલબ એ નથી કે તારાઓનું અસ્તિત્વ નથી. એવી જ રીતે સારા મિત્રો આકાશમાં ચમકતા તારલાઓ છે જે કોઈને ભલે ન દેખાતાં હોય પણ તેમનો સાથ આપણને સદાય મળી રહે છે. સારા, સુશીલ, નિર્વ્યસની મિત્ર સદ્ચરિત્રવાળા મિત્ર કોક હોય છે એને હીરાની જેમ પરખવા જોઈએ. દોસ્તાર સાથે લોહીનો નહીં દિલનો સંબંધ છે. જે વાત કોઈને ન કહી શકાય એ વાત જેને બેજિઝક કહી શકાય એ છે. દોસ્ત, જેથી સાથે હસી શકાય એ નહી પણ જેની સાથે રડી શકાયએ છે. દોસ્ત આવા મિત્રો જેના જીવનમાં હોય તેને જીવન જીવવા જેવું લાગે છે. કવિ મિત્ર મેઘબિંદુએ દોસ્ત માટે લખ્યું છે. 'હોય ભલે સંકુચિત આખું જગત, પણ, દોસ્ત તો દિલદાર હોવો જોઈએ.'

– જય જ્ઞાતિમૈયા

# જ્ઞાતિના સૌ સ્વાસ્થ્ય વોરિયર્સને સલામ

સમસ્ત વિશ્વમાં કોરોનાનો કેર ધમરોળી રહ્યો છે. ક્યારે શું પરિસ્થિતિ વળાંક લેશે એની સમજ પડતી નથી. આ અગાઉ નવા નવા રોગો આવ્યા પણ આવો હાહાકાર માનવજાતએ ક્યારે જોયો નથી. દર્દી રોગનો ભોગ બને એ સમજી શકાય પણ આ રોગના પ્રકોપે સામાન્ય જનજીવન પણ પ્રભાવિત થઈ ગયું છે. ધંધા રોજગાર બંધ કરી ઘરમાં કેદમાં રહેવું પડ્યું છે.

હજી તો આ રોગનો આપણા દેશમાં મધ્ય કાળ છે? બે મહિના થવા આવ્યા શું હજું કેટલું લાંબુ ચાલશે? સૌના મનમાં સવાલો છે. કોઈની પાસે સ્પષ્ટ ઉત્તર નથી.

સરકાર દ્વારા સામાન્ય જનને માટે હેલ્પ લાઈન નંબર જાહેર કર્યા દરેક રાજ્ય દીઠ અલગ હેલ્પલાઈન જેમાં પબ્લિક કોરોના વિષે માહિતી મેળવે મૂંઝવણ પૂછે અને માર્ગદર્શન મેળવે.

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિએ ખાસ કેડીઓ જ્ઞાતિજન માટે મેડિ આસિસ્ટ સર્વીસ અને મનોરાહત મદદ શરૂ કરી હતી. જેમાં દવાખાના હોસ્પિટલ બંધ થવાને લીધે ફેમિલી ડોક્ટર સાથે કન્સલન્ટીંગના અભાવે કેડીઓ જ્ઞાતિના સ્પેશ્યિલસ્ટ ડોક્ટકરો સાથે તબીબોના અનુકુળ સમય પ્રમાણે તેમનું માર્ગદર્શન મેળવી શકે. આ હેલ્પલાઈન સર્વિસમાં સમગ્ર દેશના મુખ્યનગરો મુંબઈ, થાણા, નાગપુર, અંબરનાથ, વલસાડ, ગદગ, હુબલી, વર્ધા, કોલ્હાપુરના ઘણા જ્ઞાતિ તબીબોએ જ્ઞાતિજનોને અમૂલ્ય માર્ગદર્શન અને સારવાર સલાહ આપી. જ્ઞાતિના સ્વસ્થ્ય કર્મીઓ કપરા સમયમાં જ્ઞાતિજનો માટે પોતાનો અમૂલ્ય સમય ફાળવ્યો જે ખરેખર અનુમોદનીય કાર્ય રહ્યું.

જ્ઞાતિજનો પ્રત્યેની તેમની ઉદાત સેવા ભાવનાની અનુમોદના

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

## કુટુંબમાં એક સાથે ત્રણ વ્યક્તિઓના કોરોના પોઝિટીવ કેસ હોવા છતાં પરિસ્થિતિનો હિંમત અને નીડરતાથી સામનો કરી કોરોનાને સફળતાપૂર્વક માત આપનાર મૈશેરી અને દંડ પરિવાર....

# પલક ભરમાં જોયુ તો જગત બદલાઈ ગયુ
# રેશ્માબેન દંડ (શાહ)ની વિશેષ મુલાકાત

સામાન્ય રીતે આપણે કોરોના યોધ્ધા એટલે હોસ્પિટલમાંના ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફ, રસ્તાઓ ઉપર ફરજ બજાવતા પોલીસો અને સફાઈ કર્મચારીઓ એમ સમજીએ છીએ. પરંતુ એવા કુટુંબો જેમાં બે-ત્રણ કે એથી વધારે કોરોના પોઝિટીવ કેસ એક સાથે સામે આવે તે છતાં જરા પણ વિચલિત થયા વિના પૂરી હિંમત અને દઢતાથી પરિસ્થિતિનો સામનો કરી કોરોના સામેનો જંગ જીતે એ કુટુંબો પણ કોરોના યોધ્ધાથી જરા પણ કમ નથી. મુલુંડ(વેસ્ટ)માં ઝવેર રોડ સ્થિત વાસુપૂજ્ય દર્શન બિલ્ડીંગમાં રહેતા હંસકુમાર મૈશેરીના કુટુંબમાં ત્રણ વ્યક્તિઓ - તેમની સુપુત્રી રેશ્મા દંડ (શાહ), જમાઈ વિવેક દંડ (શાહ) અને પુત્ર ડેવીન મૈશેરી - એક સાથે કોરોના ટેસ્ટ પોઝિટીવ આવી છતાં જે નીડરતાથી કુટુંબએ આ પરિસ્થિતિનો સામનો કરી કોરોના વાયરસને માત આપી તે એક પ્રેરણાદાયક બિના છે. અહીં પ્રસ્તુત છે આ બાબતે રેશમા શાહની શાંતિલાલ નાકરએ લીધેલી મુલાકાતનો અહેવાલ.



રેશ્મા દંડ (શાહ)



વિવેક દંડ (શાહ)



ડેવીન મૈશેરી

**જ્ઞાતિમૈયા :** આપના કુટુંબનો કોઈ એક સભ્ય કોવીડ-૧૯ પોઝીટીવ છે તેની જાણ ક્યારે અને કેવી રીતે થઇ?રોગના લક્ષણો શું હતા?

**રેશ્મા શાહ :** અમારા કુટુંબમાં મારા હસબન્ડને થોડા દિવસથી ઉધરસ હતી એટલે અમે ઘરગથ્થુ ઉપચાર કર્યા. ઉધરસ પણ દરરોજ નહીં, પણ એક દિવસ આવે અને ૩-૪ દિવસ કંઈ ન હોય. ઘરના ઉપચાર પછી પણ ઉધરસ ન જતાં અમે ડોકટરનો સંપર્ક કર્યો અને ડોક્ટરએ અમને કોવીડ ટેસ્ટ કરવા સલાહ આપી. તેમની સલાહ પ્રમાણે મારા હસબન્ડની કોવીડ ટેસ્ટ કરાવી અને ૧૦ એપ્રિલના એમનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો. આ રોગના લક્ષણોમાંથી એમને માત્ર ઉધરસ જ હતી, તે સિવાય અન્ય કોઈ લક્ષણ નહોતા.

**જ્ઞાતિમૈયા :** કુટુંબના એ સભ્યને ક્યાંથી ચેપ લાગ્યો હોવાની શક્યતા આપને લાગે છે?

**રેશ્મા શાહ :** મારા હસબન્ડ લોકડાઉન પહેલાં લોકલ ટ્રેન અને મેટ્રોમાં પ્રવાસ કરીને ઓફિસે જતા હતા એટલે એમને ઓફીસમાંથી અથવા તો ટ્રેન/મેટ્રોની મુસાફરી દરમ્યાન ચેપ લાગ્યો હોય એવી શક્યતા છે.

**જ્ઞાતિમૈયા :** કુટુંબમાં કોવીડ-૧૯ના પ્રથમ કેસની જાણ થયા પછી આપે શું પગલાં લીધાં?

**રેશ્મા શાહ :** રીપોર્ટ આવ્યા પછી અમે ડોક્ટરને જણાવ્યું. તેમણે હોસ્પિટલમાં એડમિટ થવાની સલાહ આપી. આ બાબતે અમે ફેમિલીમાં ચર્ચા કરી અમે સૌએ મારા હસબન્ડને ફોર્ટિસ હોસ્પિટલ - મુલુંડમાં દાખલ કરવાનો નિર્ણય લીધો.

# પલક ભરમાં જોયુ તો જગત બદલાઈ ગયુ રેશ્માબેન દંડ (શાહ)ની વિશેષ મુલાકાત

ત્યાર બાદ અમે પરિવારના અન્ય સભ્યોની કોવીડ ટેસ્ટ કરાવી.

**જ્ઞાતિમૈયા :** કુટુંબના બધા સભ્યોના ટેસ્ટીંગ પછી કુલ કેટલા પોઝીટીવ આવ્યા?

**રેશ્મા શાહ :** કુટુંબમાં બધા સભ્યોના ટેસ્ટ થયા પછી પાંચમાંથી ટોટલ ત્રણની કોવીડ ટેસ્ટ પોઝિટીવ આવી જેમાં મારા હસબન્ડ વિવેક શાહ ઉપરાંત મારો અને મારા ભાઈ ડેવીન મૈશેરીનો સમાવેશ થાય છે. અહીં હું જણાવી દઉં કે મને અને મારા ભાઈને કોરોનાના કોઈ લક્ષણો ના હતા એટલે કે અમે બન્ને અસીમ્ટોમેટિક હતા.

**જ્ઞાતિમૈયા :** કુટુંબના બધા પોઝીટીવ સભ્યો તેમજ નેગેટીવ સભ્યો હોમ ક્વોરેનટાઈનમાં રહ્યા કે સરકારી અથવા ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી?

**રેશ્મા શાહ :** કુટુંબના ત્રણ પોઝિટીવ સભ્યો એટલે કે હું, અને મારો ભાઈ રહેજા હોસ્પિટલ-માહિમમાં દાખલ થયા. મારા હસબન્ડ ફોર્ટિસ હોસ્પિટલ-મુલુંડમાં એડમિટ હતા જ અને બાકીના બે સભ્યો, મારા પપ્પા હંસકુમાર અને મમ્મી જે નેગેટીવ હતા એ ઘરમાં જ ક્વોરેનટાઈન થયા.

**જ્ઞાતિમૈયા :** સારવાર માટે શા ઉપાયો કરવામાં આવ્યા?





**રેશ્મા શાહ :** હોસ્પિટલમાં સારવાર દરમ્યાન અમને જનરલ એન્ટીબાયોટિક, મલ્ટી વિટામીન ગોળીઓ અને કફ સિરપ આપવામાં આવતા હતા. આ ઉપરાંત અમારું ટેમ્પરેચર અને ઓક્સિજન સેચ્યુરેશન નિયમિત ચેક થતું હતું. હોસ્પિટલમાં બહુ જ સારી રીતે અમને સારવાર આપવામાં આવી.

**જ્ઞાતિમૈયા :** આ સમય દરમ્યાન તમને ક્યારેય ડર, હતાશા કે માનસિક નબળાઈ આવી? જો હા, તો તેનો કેવી રીતે સામનો કર્યો?

**રેશ્મા શાહ :** આ સમય દરમ્યાન અમે પહેલેથી જ પોઝિટીવ હતા. અમે નક્કી કર્યું હતું કે જે પણ પરિસ્થિતિ આવશે એનો હિંમતથી સામનો કરીશું. આટલા કપરા સમયમાં પણ અમને કુટુંબીજનોનો સાથ સહકાર ખૂબ જ હતો તેથી કોરોના વાયરસનો ડર્યા વગર સામનો કર્યો. માનસિક રીતે પણ અમે ખૂબ જ સ્ટ્રોંગ રહ્યા. આ સમયે અમને અમારી બિલ્ડીંગના ચેરમેન અને સેક્રેટરી તથા બીએમસીના બધા અધિકારી તેમજ કર્મચારીઓની સાથે સાથે પોલીસ વિભાગનો પણ અમને ખૂબ સાથ સહકાર મળ્યો. આપણા મુલુંડના વિધાનસભ્ય મિહિરભાઈ કોટેચાનો પણ અમને ખૂબ સુંદર સાથ મળ્યો. આ મુશ્કેલ સમયમાં સાથ આપનાર આ સૌ લોકોના અમે ખૂબ ખૂબ આભારી છીએ જેના કારણે અમારા કુટુંબના ત્રણેય સભ્યો આજે કોરોના મુક્ત થઈને સુખરૂપ ઘરે આવી ગયા છીએ.

**જ્ઞાતિમૈયા :** કોરોનાનો સફળતાપૂર્વક સામનો કરનાર યોધ્ધા તરીકે આપ લોકોને શું સંદેશ આપવા માગો છો?

**રેશ્મા શાહ :** કોરોના વાયરસનું ફક્ત નામ ડરામણું છે. નામ સાંભળતાં લોકો ગભરાઈ જાય છે પણ જો તમે માનસિક રીતે તૈયાર હશો તો આ વાયરસનો તમે સરળતાથી સામનો કરી શકશો. આ પરિસ્થિતિમાં સારા અને ખરાબ બંને અનુભવો થાય છે. લોકો દ્વારા કોવીડ દર્દીઓના નામ સાથે ફેક મેસેજીસફેલાવવામાં આવે છે. ઘણી સોસાયટીઓમાં કોરોના યોધ્ધાઓનું પુષ્પથી માનપૂર્વક સ્વાગત કરવામાં આવે છે જ્યારે કેટલીક સોસાયટીઓમાં કોરોનાથી લડીને સફળતાપૂર્વક પાછા ફરેલા દર્દીઓનો વિરોધ કરવામાં આવે છે જે ખૂબશરમજનક વાત છે. મારો ફક્ત એ જ સંદેશ છે કે બિમાર સે નહીં, બિમારી સે લડો... Stay Home, Stay Safe.

# લોકડાઉન દરમ્યાન કવિતા ખોના દ્વારા વિવિધ સ્કેચનું આલેખન





દિવ્યાંગ હોવા છતા કવિતા રામજી ખોના (સાંધવ)એ લોકડાઉન દરમ્યાન સમયનો સદ્દુપયોગ કરી રોજની એક સ્કેચ બનાવી પોતાની કળા દાખવી છે જે ઉપરની તસવીરમાં દેખાય છે.





# શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાંને નમતા ભાવિકોની સમૂહ પહેડી......

શ્રી નલિયા નાગડા ગોત્રના અંબેમાંને નમતા ભાવિકોની દર વર્ષે ધામધૂમથી પહેડી ઉજવાય છે આ વર્ષે કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સરકારના નીતિ નિયમોને લક્ષમાં રાખી આ ૬૧ મી પહેડી નાગડા કુટુંબના નલીયામાં રહેતા સ્થાનિક ભાવિકો સંપૂર્ણ વિધિથી સાદાઈથી ઉજવાશે.

દરેક નાગડા ભાવિકોને નમ્ર વિનંતી કરવામાં આવી છે કે સર્વે નાગડા ગોત્રના ભાવિકોએ ૨૩-૬-૨૦૨૦ મંગળવાર કચ્છી નવું વર્ષ આષાઢી બીજના દિવસે પોતાના ઘરે માતાજીની સ્થાપના કરી અથવા તેમની છબી સમક્ષ નૈવેધ પ્રસાદ ધરાવી આ પ્રસંગને ઉજવવા ખાસ અનુરોધ કરવામાં આવેલ છે.

સર્વે ભાવિકો ઘરમાં રહી પોતાની તેમજ ઘરના વડીલોની સલામતી રાખી સરકારી નિર્દેશોનું પાલન કરી આ કોરોનાની મહામારીથી બચવા શક્ય એટલી તકેદારી રાખશો. એમ શ્રી નલિયા નાગડા ગોત્ર સમિતિના શ્રી મહેશ શામજી નાગડા, શ્રી મહેશ ખીમજી નાગડા, શ્રી જુગલ માણેકજી નાગડા, શ્રી શ્રેણિક તેજપાળ નાગડા, શ્રી ચેતન લહેરચંદ નાગડા, શ્રી ધવલ રાજેશ નાગડા દ્વારા જણાવવામાં આવેલ છે.

# પ્રીતિ અને ગીતેશ નાગડા દ્વારા યોગાસન




હાલના સમયમાં યોગાસનથી તમારા શરીરને તમે કેમ તંદુરસ્ત તથા નિરોગી બનાવી શકો છો તે વિશે આપણા જ્ઞાતિના યુગલ પ્રીતિ ગીતેશ નાગડા અને ગીતેશ નટવરલાલ નાગડા (કોઠારા) હાલ મુલુંડ એ ખુબ ઉંડાણપૂર્વક સમજ આપી.

યોગાસન કરવાથી થતા ફાયદાઓ અને તમારી તકલીફોમાં રાહત મળે તે માટે ઝુમ એપ દ્વારા લાઈવ રહીને અને વોટ્સએપ ગ્રુપમાં વિડીયો દ્વારા ૨૪૫ લોકોને અલગ અલગ આશનો જેવા કે પરિવર્તીત ચક્રાસન, તાડાસન, સુલભ તળાઘી મુદ્રા, શુદ્ધિક્રિયા, કપાલભાતી, પવન મુક્તાસન, નાળી શુદ્ધિ, પ્રાણાયમ વગેરે જેવા વિવિધ પ્રકારના યોગાસનની પુરી સમજ આપી હતી.

# શરીરને ફીટ રાખવા માટે ઓનલાઈન ઝુમ્બા ક્લાસીસ





ઉત્સાહ અને ઉમંગથી આજની યુવા પેઢીએ ઝુમ્બા દ્વારા શરીરને કેમ ફીટ રાખી શકો છો તે વિશે કરીશ્મા શૈલેષ નાગડા (પટેલ) જે હુબલીના રહેવાસી પણ હાલમા મુંબઈમાં રહે છે જેમણે ઓનલાઈન ઝુમ્બા ક્લાસ નિઃશુલ્ક શરૂ કરેલ છે.

સમસ્ત મહાજન યુવા શક્તિના ચેરમેન તેજસ ખોના દ્વારા શરૂ કરેલ #Quarantinewithyuva માં જોડાઈ અને તેમાંથી પ્રેરણા લઈ સમાજને કંઈક નવું અને અલગ આપી શકાય એવા ઉદ્દેશ્યથી વોટ્સએપ ગ્રુપ દ્વારા ઓનલાઈન ઝુમ્બા શરૂ કરેલ છે. જેમાં ૮૦થી વધુ લોકો જોડાઈને રોજની અલગ અલગ વર્કઆઉટ, ડાન્સ તથા મેડિટેશનનો લાભ લીધો છે જેને પણ જોડાવવાની ઈચ્છા હોય તેમણે કરિશ્મા પટેલ - ૯૬૧૧૭૨૭૦૦૧ નંબર પર સંપર્ક સાધી શકે છે.

# કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ સફળ ઓનલાઈન સગપણ સેતુ યોજી લોકડાઉનમાં ટેક્નોલોજીના સ્માર્ટ ઉપયોગની રાહ ચીંધી

## હાલમાં જ કાર્યભાર સંભાળનારા સંચાલકગણે ગણતરીના દિવસોમાં અવનવા કાર્યક્રમો સાથે જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મદદ કરીને અનોખાં દાખલા બેસાડ્યા



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના મુંબઈ મહાજને ટેક્નોલોજીના સ્માર્ટ ઉપયોગ થકી અનોખો ચીલો ચાતર્યો છે. યુવક-યુવતી પરિચય સંમેલનને જૂની ઢબે યોજવું અઘરું થયું છે ત્યારે જ્ઞાતિએ એનું ઓનલાઇન આયોજન કરીને દેશ-વિદેશથી અનેક લગ્નોત્સુકોને સગપણ સેતુમાં સહભાગી થવાની તક પૂરી પાડી છે.

શનિવારે યોજાએલા ઈ-રાઈટ મેચ નામના સંસ્થાના ઓનલાઈન સગપણ સેતુ કાર્યક્રમમાં જ્ઞાતિને ૮૦ જેટલા ઉમેદવારો જોડાય તેવી અપેક્ષા હતી. તેની સામે ૨૦૩ ફોર્મસ આવ્યાં. એમાંથી ૧૭૮ ઉમેદવારો સક્રિયપણે જોડાયા હતા, જેમાં અમેરિકાના ઉમેદવારો પણ હતા. આયોજન ખૂબ વિચારણાપૂર્વક થયું હતું. યુવક-યુવતીઓ એક્સક્લુઝિવ મીટિંગ રૂમમાં જ્ઞાતિના પ્રતિનિધિ તથા પોતાના પરિવારજનો સાથે અલાયદી મીટિંગ પણ કરી શક્યાં હતાં. ઉપરાંત અન્ય ઓનલાઇન મીટિંગ પણ ઇવેન્ટના દિવસે ઠરાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ પાંચ કલાક ચાલ્યો હતો. જ્ઞાતિના યુથ આઈકન વૈભવ મોતા, જેઓ ફરહાન અખ્તર, આયુષ્માન ખુરાના, ફાલ્ગુની પાઠક જેવાં સિતારાઓ માટે એન્કરિંગ કરે છે, તેમણે ઈવેન્ટનું ઓનલાઈન હોસ્ટિંગ કર્યું.

જ્ઞાતિના મુંબઈ મહાજનના પ્રમુખ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નયન અશોક ભેદાની પરિકલ્પનામાં ઈ-રાઈટ મેચને અપ્રતિમ સફળતા અપાવવા મુંબઈ મહાજનની સમગ્ર ટીમે અથાક મહેનત કરી હતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ પેઢી દર પેઢી સમય કરતાં આગળનું વિચારીને અનેક અનુસરણીય દ્રષ્ટાંતો સ્થાપ્યાં છે. મુંબઈ તથા દેશ આખાની પ્રગતિમાં પણ જ્ઞાતિએ ઉત્કૃષ્ટ યોગદાન આપવાની પરંપરા જાળવી રાખી છે. આ એવી જ્ઞાતિ છે જેની પોતાની બેન્ક છે, જેણે શહેરને મસ્જિદ બંદરમાં સ્થિત પ્યાઉ અને ફુવારાના સ્વરૂપમાં ગૌરવશાળી સ્મારકની ભેટ આપી છે, જેના સભ્યોના નામે મુંબઈમાં મુખ્ય માર્ગો છે. મહારાષ્ટ્રના ઇતિહાસમાં કોઈ મુખ્ય પ્રધાને મસ્જિદ બંદરની મુલાકાત લીધી તેવો એકમાત્ર પ્રસંગ ૨૦૧૫માં નોંધાયો એનો યશ પણ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને જાય છે. એ વરસે તત્કાલીન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પ્યાઉ-ફુવારાના નૂતનીકરણના પગલે ઉદઘાટન માટે મસ્જિદ બંદર આવ્યા હતા.

લોકડાઉનના સમયમાં કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ ટેક્નોલોજીના મૌલિક ઉપયોગ થકી ઈ-રાઈટ મેચ પહેલાં પાર્શ્વગાયિકા સંજીવની ભેલાંદેના ઓનલાઇન કાર્યક્રમનું આયોજન કર્યું. તેનો આનંદ જ્ઞાતિના ૧૦,૦૦૦થી વધુ લોકોએ માણ્યો હતો. હાલના સંકટકાળમાં નાણાકીય ભીંસ અનુભવતા જ્ઞાતિજનોને મદદ કરવાના શુભાશય સાથે સંસ્થાએ શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનાપણ શરૂ કરી, જેમાં ૪૫ લાખ રૂપિયા જરૂરિયાતમંદ જ્ઞાતિ પરિવારો માટે એકઠા થયા. તેનું વિતરણ પણ બેન્ક ટ્રાન્સફરથી શરૂ કરી દેવામાં આવ્યું.

હાલમાં કાર્યરત મુંબઈ મહાજન તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટના સંચાલકગણની વરણી માર્ચમાં થઈ હતી. એપ્રિલની શરૂઆતમાં સૌ વિધિવત ધોરણે કાર્યભાર સંભાળે એ પહેલાં લોકડાઉન આવી ગયું હતું. અણધાર્યા પડકારો છતાં સંચાલકગણે જે રીતે કાર્યક્રમોની હારમાળા સર્જવા માંડી છે, જરૂરિયાતમંદોને મદદ કરવા સાથે જ્ઞાતિની અપેક્ષાઓની પૂર્તિ કરવા માંડી છે એ વાત અન્ય સંસ્થાઓ અને જ્ઞાતિઓ માટે અનુસરણીય છે.

# પરમાર્થ ભાવના ધરાવી સંજીવની ડાયમંડ પેટ્રોન બન્યા

## શ્રી હંસ બી. ખીમજી



પરોપર કાર ધર્મનો અર્થ છે આપણું પોતાનું નહીં એવા પારકાઓનું ભલું કરવું મનુષ્યનો પરમ ધર્મ બીજાઓ પ્રત્યે દયાભાવ જીવદયા અને કરૂણાભાવ રાખવો એ છે. બીજાનું ભલું કરવા શું કર્યું તે ઉપરથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ સૌને આવે છે.

મૂળ તેરા હાલે માટુંગાના અને સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટીશ્રી હંસ બી.ખીમજી મેડિકલ સમિતિ પ્રાયોજિત સંજીવની યોજના રૂા. એકલાખનું યોગદાન આપી ડાયમંડ પેટ્રોન તરીકે સહભાગી થયા છે. તેમની ઉદાર ભાવનાની અનુમોદના કરીએ છીએ.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપરકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



## શ્રી હંસ બી. ખીમજી

કચ્છ-તેરા, હાલ-માટુંગા, મુંબઇ

# Rs. 1 Lakh

# સંજીવની ડાયમંડ પેટ્રોન

# સમસ્ત મહાજન કોવીડ પેશન્ટોને સલામ કરે છે

**ન કરે નારાયણ અગર જો આપ કોવીડ-૧૯ની બિમારીનો સામનો કર્યો હોય તો તે વખતે આપને જે પણ પ્રેરણાબળ તથા અનુભવ મળ્યા હોય તે સર્વે વગર ખચકાટે અમને જણાવી શકો છો જે આપણા સમાજ માટે પ્રેરણારૂપ બની શકે છે**

**સંપર્ક : મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯.**

# ડૉ.હર્ષિતા હેમંત મોમાયા દ્વારા હોમિયોપેથીક દવાથી કોવિડ-૧૯ સામે સાવચેતીના પગલા

ઈન્ડિયન આયુષ એડવાઈઝરી (૨) દ્વારા જે હોમિયોપેથિક દવાને Arsenicum Album-30 મંજુરી મળી જે કોવીડ-૧૯ માટે સુરક્ષાનું કામ કરે છે.

પપ્પાની પ્રેરણાથી એક દિકરીએ ડૉ.હર્ષિતા હેમંત મોમાયા (વરાડીયા) હાલ મુલુંડ એ કેડીઓ સમાજ માટે સેવાની દ્રષ્ટિએ નિ:શુલ્ક આ હોમિયોપેથીક દવા આપવાનું સુંદર પગલુ ભર્યું છે. જેમણે હજી સુધી ૫૦૦૦થી વધુ લોકોને જેમ કે આપણા જ્ઞાતિના રહેતા લોકો મુલુંડ, મુલુંડ ચેકનાકા, ભાંડુપ અને ભાંડુપ અનંતસિદ્ધિ કોમ્પલેક્સ, કાંજુરમાર્ગ અનંતનાથ કોમ્પલેક્સ, કાંજુરમાર્ગ અચલગચ્છ સંઘ, અનંતછાયા ઘાટકોપર, અનંત પેથોલોજી લેબ મુલુંડ, અરિહંત બેંકની બધી બ્રાન્ચો, અનંત નિવાસ મસ્જીદ બંદર જેવા વગેરે સ્થળોએ દવા પહોંચાડી છે.



## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**




## સમસ્ત મહાજનની નારીશક્તિ પ્રેરિત કેડીઓ સ્વરોજ નિર્મિત કોરોના શિલ્ડ માસ્ક

સમસ્ત મહાજનની નારીશક્તિ કેડીઓ સ્વરોજ યોજના દ્વારા જ્ઞાતિની બહેનો દ્વારા નિર્માણ થયેલા પ્યોર સુતરાઉ કાપડના વોશેબલ અને રીયુઝ કોરોના શિલ્ડ માસ્ક જથ્થાબંધ ક્વોન્ટીટીમાં ઘર પહોંચ મેળવવા સંપર્ક કરવો મનિષ લોડાયા ૭૫૦૬૦૭૦૮૫૧ તથા શીતલ ધુલ્લા ૯૦૯૯૦૪૧૪૧૪.

# ખાનદેશના ધુલિયા સંઘમાં ૯૫ વર્ષની જૈફવયે ૫૫ વર્ષીતપ આરાધના કરનારા સુશ્રાવિકા



મૂળ પાટણ ગુજરાતના પરંતુ વર્ષોથી મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશના ધુલિયામાં રહેતા સુશ્રાવિકા કાંતાબેન બાબુલાલ શાહ ૯૫ વર્ષની જૈફ વયે ૫૫ જેટલાં વર્ષીતપ કરી વિશ્વ વિક્રમ કર્યો હતો. તાજેતરમાં તા. ૨ જાન્યુઆરી ૨૦૨૦ ના તેઓ ૧૦૫ વર્ષની જૈફ વયે નાસિકમાં તેમના પુત્રના ઘરે કાળધર્મ પામ્યા.

અત્રે ઉલ્લેખ કરવું જરૂરી છે. કે વર્તમાનમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા. ૮૮ની જૈફ વયે ૫૪મું વર્ષીતપ આપ્રમત પણે ચાલુ છે. ગચ્છની અનેક વિધ જવાબદારીઓ વહન કરતા પૂજ્યશ્રી આવી ભીષ્મ તપશ્ચર્યાની ભૂરી ભૂરી અનુમોદના સાથે અનંતશ વંદના.

પૂજ્યશ્રીના આજ્ઞાવર્તી આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી મહોદય સાગરસૂરિશ્વરજી મ.સા.આદિઠાણા-૩ ધુલિયા સંઘમાં સુખશાતામાં બિરાજમાન છે. હાલે વર્તમાનમાં રહેલા લોકડાઉન પરિસ્થિતિના કારણોસર વિહાર કરી શકે તેમ ન હોવાથી શ્રી જલગાંવ સંઘની અનુમતિ પૂર્વક ધુલિયા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે તેમને ચાતુર્માસની વિનંતી કરી છે તથા ઉપરોક્ત ભાવના માટે આજ્ઞા આપવા પ.પૂ.અચલગચ્છાધિપતિશ્રીને વિનંતી પત્ર મોકલાવેલ છે.

# ભદ્રેશ્વર તીર્થમાં ધ્વજારોહણ મહોત્સવ વિધિપૂર્વક સંપન્ન




તા. ૧૧ મે ૨૦૨૦ સોમવાર દિને કચ્છના ઐતિહાસિક ભદ્રેશ્વર તીર્થના જિર્ણોદ્ધાર બાદના ૧૦ વર્ષે ધ્વજારોહણ મહોત્સવ સાદાઈ પૂર્વક છતાં વિધિપૂર્વક તીર્થના પૂજારી તથા ઉપસ્થિત સ્ટાફ ભાઈઓ દ્વારા પરીપૂર્ણ કરાયો.

હાલની પરિસ્થિતિ વશાત અત્યારે આ તીર્થમાં કોઈ યાત્રિક નથી તથા સાધુ, સાધ્વજી મ.સા.ની સ્થિરતા નથી. મેડીકલ સ્ટાફ માટે રહેવાની તથા ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા રખાયેલ છે.




# કચ્છના ભદ્રેશ્વર તીર્થમાં અઢી દાયકાથી નિષ્ઠાપૂર્વક સેવા આપતા ખુશાલભાઈ ડાઘા



કચ્છના બહુ પ્રાચીન અલભ્ય તીર્થ ભદ્રેશ્વર સંઘના સ્ટાફ તરીકે મૂળ વરાડીયાના ખુશાલભાઈ કાંતિલાલ ડાઘા વર્ષ ૧૯૯૪માં જોડાયા.

વર્ષો વીતી ગયા આજે ૨૬ વર્ષે પણ તેઓ તીર્થ સાથે જોડાયેલા છે. તેમના સેવાકીય કામમાં તીર્થમાં પધારેલ દરેક મહારાજ સાહેબોની વૈયાવચ્ચ તથા દેરાસરજીની સેવામાં સદાય તત્પર રહે છે.

અઢી દાયકા ઉપરાંત સુધી ધાર્મિક સ્થળ સાથે જોડાઈને રહેવું એ કંઈ સહેલું તો નથી. જ ટ્રસ્ટીઓ, અધિકારીઓ બદલાત રહે, અવરજવર કરતા રહે. પણ દરેકના સ્વભાવ કાર્ય પદ્ધતિ સાથે સુમેળ કરી કાર્ય ફરજ બજાવવી એ કાંઈ સરળ વાત નથી.

જ્યારે પણ આ તીર્થ સ્થાને દર્શનાર્થે જવાનું થાય ત્યારે આવી ફરજ પરસ્ત વ્યક્તિઓને મળીને તેમની કાર્ય કરવાનીને લગનને બિરદાવી તેમને ફરજ નિષ્ઠાની અનુમોદના કરવી આપણી સૌની ફરજ બને છે. જેથી એમને પોરસ મળે, વધુને વધુ સેવા કરવાનો ભાવ જાગે.

# જિજ્ઞેશ નાગડા દ્વારા યુ ટ્યુબ ઉપર નવકાર મંત્ર જાપ



તા. ૧૦ મે રવિવારના સોશ્યલ મિડીયા યુ ટ્યુબ ઉપર જિજ્ઞેશ નાગડા દ્વારા રજૂ કરાયેલા નવકાર જાપનો વિડીયો અપલોડ કરાયો છે. ૧ કલાક ૧૩ મિનીટ અને ૪૮ સેકન્ડના આ વિડીયોમાં જિજ્ઞેશ નાગડા અને સાથી મહિલા ગાયિકા દ્વારા ભાવ વિહોર અને મન શાંતિ કરાવી દે એવી ધર્મ આરાધનોની રજૂઆત વચ્ચે સરળ સમજૂતી દ્વારા શ્રેતાઓને સમજ બોધ જ્ઞાન અપાયો છે. નવકાર જાપ યુ ટ્યુબ ઉપર જોવાની લીંક https://youtu.be/G399ifu6yIU છે. જોનાર સૌએ આ રજૂઆતની બહોળા મોંઢે પ્રશંસા કરી આધ્યાત્મિકના ભાવ જગાડતા આ કાર્ય માટે રજૂઆતકારને ધન્યવાદ પાઠવ્યા હતા.

# જખૌ મહાજન દ્વારા ચાતુર્માસની તૈયારીઓ શરૂ

કુદરતે પોતાનું રૌદ્ર સ્વરૂપ કોરોના મહામારીનો આતંક આપી બતાવ્યું. ઈશ્વર ઈચ્છાની આગળ માનવીઓ કેટલાં વામણા છે એ પણ સૌએ જોઈ લીધું. પ્રભુકૃપા યોગે આપણે બચી ગયા, હેમ ખેમ રહ્યાં એ માટે તીર્થ ધિપતિ મહાવીર સ્વામીનું પાડમાનવા આ વર્ષે પ.પૂ. સાધ્વીજી કાવ્ય ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રા હેઠળ પર્યુષણના ઓછામાં ઓછા પ્રથમ બે માસ જખૌ રત્ન ટૂંક સંકુલ ખાતે ભક્તિભાવનામાં મનાવીએ. અત્રે રહેવા તથા જમવાની વ્યવસ્થા મહાજન અને ટ્રસ્ટ કરશે.

તા. ૧ જુલાઈ ૨૦૨૦ના દિવસે જખૌ પહોંચી જવાય તે રીતે પોતાના હિસાબે ટિકીટ કઢાવવી જેથી તા. ૨ જુલાઈ ૨૦૨૦ના મ.સા.ના પ્રવેશ વખતે સામૈયામાં હાજર રહી શકાય. પ.પૂ.કાવ્યગુણાશ્રીજી મ.સા.ની હાજરીમાં ચાતુર્માસ ભક્તિ આરાધના વખતે રોજ ભગવાનની સેવાપૂજા વ્યાખ્યાનમાં હાજરી અને પ્રતિક્રમણમાં સહભાગ અનિવાર્ય છે. પર્યુષણ પતાવી ફરી સંસારના ગાડામાં જોડાવવા સૌ છૂટા. પાછા વળતા અનુમોદના રૂપે મહાજન અને ટ્રસ્ટ તરફથી સેકન્ડ સ્લીપર કલાસનું ટ્રેન ભાડું અપાશે.

તો નિરાંતે પુણ્યનું ભાતું બંધાવવા જખૌ મહાજન સેક્રેટરી જયંતિભાઈ મૈશેરી ૯૮૧૯૭૪૮૨૫૦ અથવા ચાંપશીભાઈ હેફા ૯૮૨૦૬૫૯૮૦૯ પાસે તુરંત લખાવવા. જખૌ ગામવાસીએ પોતાના નામ, વોટ્સએપ નંબર ઉપર આપેલ મોબાઈલ પર જરૂરથી મોકલી આપવા જેથી ભવિષ્યમાં ગામની દરેક માહિતી વિના વિલંબે મોકલી શકાય.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# મુંબઈ મહાજનની કેડીઓ કેરે શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનાના સહયોગી દાતાઓ



સંઘ માતા
દમયંતીબેન રતનશી લોડાયા



શેઠશ્રી
શિવજી કુંવરજી વિકમશી



માતુશ્રી
તારાબેન માણેકજી મોતા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા સંકટ પરિસ્થિતિમાં કષ્ટ ભોગવી રહેલ, જરૂરતમંદ જ્ઞાતિ પરિવારોને મદદરૂપ થવા કેડીઓ કેરે શાલિભદ્ર સાધર્મિક સહાય નામે યોજના લોન્ચ કરાઈ છે.

આ યોજનામાં રૂા. પાંચ લાખનું માતબર યોગદાન ઉદાર ભાવનાથી આપી સંઘ માતા દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર સાંયરા-ઉજ્જૈન એ યોજનાના સહયોગી દાતા બન્યા છે.

સાથોસાથ સમાજ રત્ન શેઠશ્રી શિવજી કુંવરજી વિકમશી રાણપર-લાલબાગ અને માતુશ્રી તારાબેન માણેકજી મોતા રાપર ગઢવારી. મુંબઈ એ પણ પ્રત્યેક એ રૂા. પાંચ પાંચના લાખનું માતબર યોગદાન સહયોગ નોંધાવી સહયોગી દાતા તરીકે સહભાગી થયાં છે.

ઉદારદિલ ત્રણેય સહયોગી દાતાશ્રીઓ તથા તેમના પરિવારોની આ સમાજ લક્ષી પહેલને અનુમોદના કરી વધાવીએ.

---

# વર્ધમાન સંસ્કાર ધામ દ્વારા સાધાર્મિક ભક્તિ યોજના

પ.પૂ.પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.પ્રેરિત વર્ધમાન સંસ્કાર ધામ દ્વારા સમસ્ત મુંબઈ માટે કોરોના મહામારીના સમયે રોગ પ્રતિકારક શક્તિ વધારવા કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રમાણિત થયેલ હોમિયોપેથીક દવા Arsenicum Album-30 નો ડોઝનું વિતરણ કરાશે.

આ દવા ૧ મહિનામાં માત્ર ૩ દિવસ જે સવાર, સાંજ ૪-૪ ગોળી લેવી. દવા લેતાં પહેલાં અને પછી પંદર મિનિટ સુધી કાંઈ વાપરવું નહીં. દવાને હાથ અડયા વગર સીધી ઢાંકણામાં ગણીને ચારગોળીની માત્રા શીશીમાંથી ઢાંકણામાં કાઢીને સીધી મોંઢામાં લેવી.

આ દવા સંઘમાં સૌ પ્રથમ પૂ.ગુરૂ ભગવંતોને દેરાસર ઉપાશ્રયના સ્ટાફને, શ્રી સંઘના વડીલોને. અનુકંપા આદિ કાર્યો કરતાં કાર્યકરોને સર્વે શ્રાવક શ્રાવિકાઓને છેલ્લે વધે તો બાળકોને આપવી. આ દવા પોલીસ તેમજ બીએમસી સ્ટાફને પણ આપવાની છે. આ દવા તમારા ત્યાં લોકલ કો-ઓર્ડીનેટર પાસેથી મેળવી લેવી. ભાંડુપ માટે જિજ્ઞેશભાઈ મોનં. ૯૩૨૩૯૦૬૫૩૪, મુલુંડ માટે અભયભાઈ શાહ ૯૨૩૨૯૧૦૯૩૧ તથા અમરિશભાઈ ૮૭૭૯૬૨૪૦૬૩ તથા થાણા માટે તુષારભાઈ શાહ ૮૮૭૯૪૯૬૩૯૯.

વધુ વિગત માટે ચિંતનભાઈ ઘાટકોપરમાં મોનં. ૯૮૬૯૬૭૪૭૬૧, અક્ષયભાઈ મુલુંડ ૯૩૨૩૯૧૦૯૩૧નો સંપર્ક કરવો.

# શિવમસ્તુ તીર્થના પ.પૂ.મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા.ના કોરોના કેર પછીના સમય ઉપરના મનનીય વિચારો

કચ્છ માંડવીના શિવમસ્તુ તીર્થના પ.પૂ.મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ હાલે વિશ્વને ધર્મરોળતા. કોરોના કેર પછીના સમય નાના કે મોટા, ગરીબ કે ગર્ભ શ્રીમંત સૌએ ગંભીરતા પૂર્વક પોતાના આત્માની સાક્ષીએ વિચારવા માટે જરૂર ધ્યાન રાખવું પડશે. આજ પછી દેશ દુનિયા સમાજ પરિવાર કે ધંધા, રોજગારના બધાજ સમીકરણો બદલાશે પરંતુ સાથે સાથ આપણે પણ બદલાવું પડશે.



– મુનિ પૂર્ણભદ્રસાગર, શિવમસ્તુ તીર્થ

કોરોના મહામારીનો કાળો કેર એકાદ સદીના આરે પહોંચેલી જૂની પેઢીએ પણ પહેલીવાર જ જોયો હશે. નવી પેઢી અને બાળકોને પણ એક વિચિત્ર અને વિષમ અનુભવમાંથી નીકળવું પડ્યું હશે. નીકળી રહ્યા છીએ. ભુકંપ કરતાં પણ અપેક્ષાએ વધારે ભુંડી હાલત અને ધન-માલ-જાનની અલગ પદ્ધતિથી ઘણી જ ખુવારી થઈ છે. લોકડાઉનનો વિકટ સમય તમે-આપણે બધાએ કરોડો માનવ જાતિએ બંધન-ચિંતા અને આર્થિક સંકડામણ પણ વેઠીને કાઢયો છે.

પ્રાર્થના કરીએ અને પ્રકૃતિ પોતે જ કોઈ નિયમન કરે ને કોરોના જલ્દી વિદાય લે એમ ઈચ્છીએ. પણ સો નહી સવાસો મણનો પ્રશ્ન એ થશે કે લોકડાઉન અને મહામારી પૂરા થયા પછી શું? હવે અત્યારે તાત્કાલિક સીધી કેડી જેવો કે 'બાય ધ વે' જેવા જીવન વ્યવહારના સમીકરણો નહીં ચાલે. બધા સમીકરણો બદલાઈ જશે, તો આપણે પણ આપણા માનસિક વિચારો, વાણીથઈ ભાષા શબ્દો બોલવા વ્યવહારો, કાયાથી (શરીરથી), ખાવા-પીવાથી માંડી હરવા-ફરવા, કપડા-લતા, મોજ-શોખની વસ્તુઓના તમામ સમીકરણો બદલવા પડશે. ગમા-અણગમાના પ્રશ્નોને ભૂલવા પડશે. જેમને હાથ લંબાવવાની જરૂર ન હોય એ માટે પ્રભુનો પાડ માનીશું. પણ એમણે હાથ ટુંકાવીને બેસી રહેવાથી ન ચાલે. હજારો પરિવારોએ હાથના સાથની, મદદની, સેવાની રાહ જોઈને બેઠો છે. આ બધું જ વિચારવું પડશે ખાસ શ્રીમંતોએ.

**પારિવારિક લાગણી, હૂંફ અને અપેક્ષાઓ કેટલી અને કેવી હોવી જોઈએ**

૧ હવે ઘરના બધાજ સભ્યોએ પોતપોતાનાં સ્વતંત્ર મિજાજથી જીવવું છે એ છોડી દેવું જોઈએ .

૨ પરસ્પરમાં કઠોર અને કડક ભાષાના પ્રયોગ મુકી દેવા જોઈએ.

૩ ખાવા-પીવામાં ટેસ અને ટેસ્ટ પ્રમાણેની વાનગીઓને બદલે ઘરની આવક અને સ્થિતિ પ્રમાણે ચલાવી લેવું જોઈએ.

૪ ઘરના જવાબદાર વ્યક્તિ દાખલા તરીકે પતિ-પત્ની બંને સમભાગે સુખ-દુ:ખના સહભાગી છે. એક ઘરને સાચવીને તમામ વ્યવસ્થાનો રાત-દિવસ પુરૂષાર્થ કરે છે. તો બીજા આર્થિક વ્યવસ્થા માટે સખત મહેનત કરે છે. નાની મોટી


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા.ના કોરોના કેર પછીના સમય ઉપરના મનનીય વિચારો

બાબતોમાં કોઈએ એક બીજાને ઉતારી નહીં પાડવા.

૫ ખાન-પાન, હરવા-ફરવા, કપડા-લત્તા, દર-દાગીના, મોબાઈલ-ટીવી, બાઈક-હોન્ડા, એકટીવા ગાડીના ખર્ચા ઓછા કરી નાખવા. આ બધી વસ્તુઓ આવી જ જોઈએ એ અપેક્ષા બિલકુલ છોડી દેવી.

૬ ઘરના વડીલો, વૃદ્ધો, માતા-પિતા, સાસુ-સસરા, તમામની પૂજ્યભાવે સેવા કરવી, ખરા દિલથી કાળજી અને સંભાળ લેવી.

૭ સમજુ વયસ્ક બાળકોએ પણ જીદ અને આગ્રહનો સ્વભાવ છોડી દેવો.

૮ ધંધા-વ્યવહાર, રોજગાર હંમેશા પુણ્ય તકદીર પ્રમાણે ચાલતા હોય છે. વર્તમાન પરિસ્થિતિ સર્જાઈ છે. એ મુજબ ધીરે ધીરે થાળે પડશે. અધીરાઈ કરી ઉતાવળા પગલાં કે વિચારણાઓ ન કરવી.

૯ લાખો લોકોની ભયંકર મૃત્યુશય્યા નજર સામે જોઈ છે. કોરોના જેવી વૈરાગ્યની શિખામણ બીજી કઈ હોઈ શકે? માટે હવે સંસારમાં રસપૂર્વક ગળાડૂબ બનીને રહેવાને બલે ધર્મશ્રદ્ધા, ધર્મ આરાધના રૂટિન મુજબ થવાને બદલે વધવી જોઈએ. આદર અહોભાવ સાથે થવી જોઈએ.

૧૦ ધાર્મિક, વ્યવહારિક, સામાજીક પ્રસંગોમાં ઔચિત્ય અને વિવેક જાળવી અનિવાર્ય વિધિઓ સાચવી મર્યાદિત ખર્ચનો લક્ષ રાખવો જોઈશે. સાધુ-સંતોએ પણ શાસ્ત્રસાપક્ષ દ્રષ્ટિ રાખીને ગૃહસ્થોને હાલમાં સ્વધર્મકર્તવ્ય શું છે? એ સમજાવી શાસન-સંઘની સમાજની વ્યવસ્થા અને ઉન્નતિનો ખ્યાલ રાખવો પડશે.

આ દશ મુદ્દાઓ જેમને સમજાય તેને સલામ... (આ નાનકડા ચિંતન લેખનો અભિપ્રાય આપવાની છૂટ છે) આવા ઘણા સમીકરણો હવે બદલાશે. પણ મહત્વની વાત, આપણે આપણો સ્વભાવ, આપણી હોબીઓ અને આપણું વર્તન, વ્યવહાર, રહેણી-કરણી બદલવી પડશે. તો બધું લેવલ મુજબ ચાલ્યા કરશે.

અસ્તુ શુભમ ભવતું.

---


જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેંટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વોટસએપ પર મોકલો

9769991922

9820302853

9322257731



VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
- Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala

Call : 9820431717 / 9920641717

Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# ‘તેરા તીર્થે ચાતુર્માસ એવમ ચાતુર્માસ મંગલ પ્રવેશનાં વધામણા..’

ઐતિહાસિક-ધાર્મિક અને પ્રાકૃતિક એવા તેરા તીર્થ મધ્યે શામળીયા પાર્શ્વનાથ પ્રભુ જિનાલયનાં શતાબ્દીનાં પગરણ મંડાઈ રહ્યા છે.



શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુના જિનાલયને પણ ૧૬૨ વર્ષ ચાલ છે.

ચાલુ સાલે સંવત ૨૦૭૬નાં તેરા તીર્થ ચાતુર્માસ અર્થે તપ-જપ સાથે ધર્મ આરાધના કરાવવા માટે વર્ષી તપનાં આરાધક તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નાં આદેશ આજ્ઞા અનુસાર આપણા સંઘનાં પરમ ઉપકારી પ.પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી વિધુતપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી. કોમલગિરાશ્રીજી મ.સા. ઠાણા-બે નું ચાતુર્માસ તેરા તીર્થને મળતા શ્રી સંઘમાં ખૂબ જ આનંદ છવાયો છે.

તે મુજબ તેઓશ્રીનું તેરાતીર્થ ચાતુર્માસ મંગલપ્રવેશ-અષાઢ સુદ-૪ બુધવાર તા. ૨૪-૬-૨૦૨૦નાં સવારનાં થશે. સર્વને પધારવા આમંત્રણ છે.




# ગંજબાસોદા સંઘમાં જિનાલયનો વાર્ષિક ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો




તા. ૧૨ મે ૨૦૨૦ મંગળવાર રોજે મધ્યપ્રદેશના ગંજબાસોદા નગર સંઘમાં જિનાલયની વાર્ષિક ધ્વજારોહણ મહોત્સવનો કાર્યક્રમ ભવ્યતાથી થયો. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાએ અદમ્ય ઉત્સાહ સાથે ધાર્મિક વિધિઓમાં જોડાઈ લાભ લીધો હતો.





## શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનો ૪૪મા વર્ષમાં પ્રવેશ

પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પરમશિષ્ય પ.પૂ.મુનિરાજ (વર્તમાનમાં આચાર્ય ભગવંત) શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં વૈશાખવદ અગ્યારસ તા. ૧૩-૫-૧૯૭૭ શુક્રવારના શુભ અને પાવન દિવસે ઉદ્‌ઘાટન થઈ સંઘના સ્થાપના થઈ.

તત્કાલ સમયે ગોરેગામ સંઘના જે શ્રેષ્ઠીવર્યોએ પોતાની દીર્ઘ દ્રષ્ટિ વાપરી સંઘ માટે આટલી વિશાળ જગા વેચાતી લઈ સંઘનો મજબૂત પાયો નાખ્યો હતો. તે વખતે આ સંઘ ઘણો નાનો હતો એટલે તે સમયે સંઘના તત્કાલીન શ્રેષ્ઠીઓએ ખૂબ મહેનત, અથાગ પરિશ્રમ કરી ફંડ ભેગો કરી આ કિંમતી જગા લીધી જેનો લાભ સકળ સંઘને આજે પણ અવિરત રીતે થાય છે.

સાધુ સાધ્વીજી ભગવંતોના ચાતુર્માસ આરાધનાઓ અને અનુષ્ઠાનો વગેરે ખુબજ ભક્તિભાવથી સંઘના ઉપાશ્રયમાં કરી શકીએ છીએ તે માટે સંઘના ભૂતપૂર્વ શ્રેષ્ઠીવર્યોના સદૈવ ઋણી રહીશું.

ગોરેગામ સંઘ આ રીતે જ ખૂબજ આરાધના કરે, આગળ વધે અને જિનાલય માટે લીધેલ જગ્યામાં શ્રી સંઘમાં બિરાજમાન દર્શનીય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવે અને હાલની જરૂરિયાત મુજબ હજુ વિશાળ જગ્યા ઉપાશ્રય માટે બનાવી શકે એટલી ઉન્નતિ કરે અને શિઘ્ર શિખરબંધ જિનાલય બનાવે એવી સંઘના શ્રાવક, શ્રાવિકાઓ અને શુભેચ્છક હિતેચ્છુ પ્રાર્થના કરે છે.

સકળ સંઘને સંઘ સ્થાપના દિવસની શુભેચ્છા.

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય



લતા તીલકભાઈ ડાઘા
ગોએરસમા-માંડવી

## કોરોના સાથે વિકટ સમય

કોરોના વિકટ મહામારી બિમારી વિશ્વમાં એવી ભયાનક ફેલાઈ ગઈ છે ત્યારે આજે માણસ એવા સંકટમાં આવી ગયો છે કે આજે કોઈ પાસે નથી ધંધો અને નોકરીવાળાના પગાર કપાતથી ખર્ચ સામે કેમ લડવું. લોકડાઉન એક સારો નિર્ણય છે. જેનાથી બિમારી ફેલાવાનું ભય ઓછું છે. આજે ખેતીનું ઘણું નુકશાન થઈ રહ્યું છે. જે સરકાર મદદ તો કરી રહી છે અને ધંધાર્થીઓ માટે પણ લોનની સુવિધા પણ આપી રહી છે. સરકાર એક આપણે અનેક શું કરે સરકાર માટે જેના પાસે યોગદાનની ક્ષમતા હોય તેને જરૂરતમંદ લોકોને દાન આપવાની અપીલ છે. આજે લોકડાઉનથી બીજા ઘણા ફાયદા પણ છે જેવા કે પ્રદૂષણ ઓછું ફેલાવું, રૂપિયાની બચત જેવી કે સિનેમા, હોટેલમાં જવાનું વગેરે બંદ થવાના લીધે, સિગારેટ અને તમાકુ સેવન પણ ઓછુ થવાના લીધે બિમારી પ્રમાણ ઘટવા લાગી છે. ઘર રહો સુરક્ષિત રહો

"We are in this together and we will get through this together"

## સારા-નરસા અનુભવો શીખવા મળ્યા



નિલેશ મેઘજી પોલડીયા
બાયઠ – માંડવી

– ઘરે જ રહેવાનું થતા પરિવારના સ્વજનોની સાથે સમય પસાર કરતા પરસ્પરમાં સંપ, સદ્‌ભાવ ને એકતાનો વધારો થયો

– ઘરમાં પરસ્પરમાં મદદ કરતા સહકારિતાનો ભાવ થયો

– નવા નવા કામો સફાઈ, રસોઈ બગીચાનું કામ જાતે કરતા કૌશલ્યવર્ધન થયું

– વર્ષે એકાદ વાર પણ યાદ ન કરતા સગા સ્નેહી-મિત્રોને બે માસમાં ચાર વાર ફોનથી શુભેચ્છાઓ પાઠવી સ્નેહમાં વધારો થયો

– હોટલ, લારી, ધાબાનું પંજાબી-ચાયનીઝ ખાવા સિવાય પણ ચાલતા પૈસા અને આરોગ્યની જાળવણી થઈ

– આવા અનેક જીવન ઉપયોગી મારા અનુભવો આપણને મળ્યા છે

– દુષ્કાળ હોવા છતાં ઉપરની તમામ આદતો સાથે જ જીવન જીવવાનું ચાલુ રાખીશું તો આ દિવસો દરમ્યાન આપણને પડેલ થોડી આર્થિક ઊપજની મુશ્કેલી તથા નવેસરથી કામકાજ શરૂ થતા જે થોડી વાર લાગશે એ નુકશાન આપોઆપ સરભર થઈ જશે.

વાચકોને સંદેશ – આ જ રીતે જીવન પદ્ધતિને કાયમી બનાવીશું તો આવનારા વર્ષોમાં શારીરિક, આર્થિક અને માનસિક સુખની કોઈ સીમા નહીં હોય. આવો રાષ્ટ્રહિતમાં આ મહામારીની આફતને અવસરમાં બદલીયે.

સ્વની સાથે સૌનું ભલું કરીએ.

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય

## Lesson from lockdown



Neha Rushabh Panpariya-Vadodara

People should give up their disorderly lifestyle, creating havoc on country at large and not to panic during pandemic by over stuffing essentials better to live orderly

**GOOD EXPERIENCE**

Feeling of unity This Lockdown has fostered increase in sense of community across the country be it coming together for lighting a candel or clapping for NHS workers Or coming for help monetary wise contributing to needy family

**BAD EXPERIENCE**

As long down gonna continue for long Womens have to suffer mental and physical stress, kids were deprived of outdoor time.

**Message to gynati**

During this difficult time its important to take care self Dont hestitate to ask for help Buy products locally, they are the one who were in time of need Lastly. We have seen how coming together the world over can affect real change,really quickly.Lets not waste the opportunity to make a differnce for everyone who lives on planet earth.

## કપરા સમયે સંબંધોની સાચી પરિભાષા



હિરેન નવીન લાપસીયા
(મસ્જિદબંદર-અનંતનિવાસ)

મોંઘા મોંઘા કપડાં કબાટ માં લટકાવી દેવામાં આવ્યા અને બ્રાન્ડ વિનાનું માસ્ક જીતી ગયું.. વિશ્વ આખામાં આ ચાઈનીસ વાયરસના મોતનો વાયરો એવો ચાલ્યો છે જાણે શ્વાસનો વેપારી ઉઘરાણીએ નીકળ્યો છે. સ્કૂલમાં પરીક્ષાઓ પુરી થઈ અને મારી દીકરીઓને વેકેશન પડ્યું અને એ લોકો ગયા મારા સાસરે એટલે એમના નાનાળે.. અને સમયની બલિહારી આજ સમયે લોકડાઉન જાહેર થયું અને કદી ના રોકાતો સમય જાણે રોકાઈ ગયો, કામકાજ ઠપ્પ થઈ ગયા. અને હું અટવાઈ ગયો મસ્જિદબંદર મારા ઘરે, બે ત્રણ દિવસમાં તો એકલું ઘર જાણે ખાવા દોડતું હોય એમ લાગવા માંડ્યું.

એવામાં મારા મિત્ર અને ફુઈયાઈ ભાઈ-ભાભીએ મને હક્કથી મુલુંડ બોલાવી લીધો કદાચ વ્યસ્ત જીવનમાં ન કરવા મળત તે બધુ આ લોકડાઉનના સમયમાં તેમના ઘરે પરિવારના સભ્યની જેમ રહીને મેં માણ્યું. સંબંધોની સાચી પરિભાષા આવા જ સમયે સમજાય. આ બધી વ્યસ્તતા વચ્ચે પણ હૃદયમાં વિષાદ છે મારી પુત્રી અદિતિ અને આયુષી તેમજ પત્ની પ્રીતિ સાથે ના હોવાનો સાથે એટલી ધરપત પણ છે કે તેઓ ત્યાં સલામત છે અંતે એક વાત તો મન માં આવે છે કે ખુશ રહા કરો હર પાલ અનંતનાથ દાદા કી કૃપા સે, હમસે ભી બહોત મુશ્કેલમે કુછ ઇન્સાન હૈ ઈસ દુનિયા મે.




● ભુજની સેન્ટ ઝેવિયર્સ શાળામાં અભ્યાસ કરતો પર્વ શીતલ પંડ્યાએ મુંબઈની આઈ.આઈ.ટી.માં પોતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. એક હજાર છાત્રોમાંથી પસંદ કરાયેલા ટોપટેનમાં તેની પસંદગી થઈ હતી. તેણે આ અગાઉ ભુવનેશ્વર ખાતે રાષ્ટ્રીય ચિલ્ડ્રન સાયન્સનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

● મૂળ મોટી વરંડી હાલે ભુજના ક.વી.ઓ.જૈન અગ્રણી મનસુખલાલ નાગડાને તેમણે આરોગ્ય ક્ષેત્રે કરેલા કાર્યોની કદરરૂપે પ્રાગપર અંહિસા ધામ ખાતે આયોજિત કાર્યક્રમમાં પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાના હસ્તે એહિંસા એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. મેડિકલ ક્ષેત્રે ૨૫ વર્ષથી ૨૪ કલાક ૩૬૫ દિવસ આપતા મનસુખલાલ નાગડા આ પૂર્વે ૨૦૦ થી વધુ એવોર્ડ મેળવી ચૂક્યા છે. ભુજની સરકારી ખાનગી હોસ્પિટલમાં જરૂરતમંદ લોકોને કોઈ સરકારી યોજનાનો લાભ મળી શકે તેનું નિઃશુલ્ક માર્ગદર્શન આપતા રહ્યા છે. અછતના સમયમાં ગૌ સેવાના કાર્યોમાં અગ્રેસર રહેતા આવ્યા છે.

● કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રકલ્પની પ્રચારાર્થે યોજાયેલી સ્લોગન હરીફાઈમાં ગાંધીધામ ડિવિઝનમાં ફરજ બજાવી ગયેલા અને હાલે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવત શેખર અથનીકરે તૈયાર કરેલ સૂત્ર હાઈસ્પીડ બુલેટ ટ્રેન કા સપના હો ગતિશીલ ભારત ઔર સ્વચ્છ પર્યાવરણ અપના. ને તમામ ૩૫૦ સૂત્રમાંથી પ્રથમ ક્રમ એનાયત કરાયો હતો. મુંબઈ ખાતે યોજાયેલા સમારોહમાં રેલ્વે બોર્ડ ચેરમેન વિનોદ કુમાર યાદવ અને ઉચ્ચ અધિકારીઓને હસ્તે પુરસ્કાર અપાયો હતો. રેલ્વે મંત્રાલય દ્વારા આ પ્રોજેક્ટને પર્યાવરણ જાળવણી સાથે જોડતું સૂત્ર બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા ૩૫૦ થી વધુ કર્મચારીઓએ વિવિધ સૂત્રો તૈયાર કરીને મોકલ્યા હતા.

● લિજ્જત પાપડથી પ્રખ્યાત શ્રી મહિલાગૃહ ઉદ્યોગની સ્થાપના ૨૫ માર્ચ ૧૯૫૯ના ગિરગામ મુંબઈમાં થઈ. કચ્છમાં મુંદ્રા તાલુકાના રામાણિયા ગામે લિજ્જત પાપડના કેન્દ્રની શરૂઆત ૧૯૭૨માં લોકસેવક છગનબાપાના માર્ગદર્શનથી થઈ. જે આસપાસના નાની, મોટી તુંબડી, ચુનડી, ગજોડ, ડેપા, બેરાજા, ગેલડા, ફરાદીની ૭૦૦ જેટલી બહેનોને રોજગાર આપે છે. રવિવાર સિવાય રોજ સવારના ચાર વાગ્યાથી ધમધમાટ શરૂ થાય છે. તૈયાર પાપડનો લૂણો બહેનો ઘરે લઈ જાય. જેની એક કિલોની મજૂરી પ્રમાણે ચૂકવાય છે. અંદાજે ૨૦૦ થી ૨૫૦ દરેકની વણાઈની મજૂરી મળે છે.

● રાજસ્થાનના ઉદેપુર ખાતે વંદેમાતરમ મંચ દ્વારા આયોજિત સમારોહમાં ભુજના જાણીતા કલાસિક નૃત્યાંગના, સિંગર, અભિનયના કાબેલ કલાકાર તેમજ કચ્છ આઈડલનું બિરૂદ મેળવનાર માર્મી શુકલને નારી શક્તિ એવોર્ડ. જ્યારે ભુજના જ કોરિયા ગ્રાફર તથા વર્લ્ડ રેકોર્ડ બુક ઓફ ઈન્ડિયામાં નામ દર્જ કરાવનાર ચિન્મય ભટ્ટને મહારાણા પ્રતાપ એવોર્ડથી સન્માનિત કરાયા.

● હિન્દી ફિલ્મી જગતની જાણીતી અભિનેત્રી ઝરીનાખાન કચ્છની ચાર દિવસીય મુલાકાતમાં કલાની પંચતીર્થી સમા નિરોણા ગામે પદ્મશ્રી એવોર્ડ વિજેતા રોગાન કલાના કારીગર અબ્દુલ ગફારની મુલાકાત લીધી હતી. અને તેમની કલાનું ચિત્રીકરણ કર્યું હતું. અભિનેત્રી ઝરીનાખાન પોતાના ખાનગી ટ્રાવેલ્સ શો પ્રોજેક્ટ માટે વીડિયો બનાવવા માંડવી અને ધોરડોમાં શૂટિંગ કર્યું હતું.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO